ખૂબ જ અગત્યનાં નિયમો અને શરતો
(સંસ્કરણ 1.3)

1. ફીઝ અને ચાર્જીસ

A. કાર્ડમૅમ્બર દ્વારા ક્રેડિટ કાર્ડ પર ચૂકવવાપાત્ર ફીઝ

પ્રત્યેક કાર્ડમૅમ્બર માટે અને ઑફર-દર-ઑફર ફીઝ અલગ હોઈ શકે છે. ક્રેડિટ કાર્ડ માટેની અરજી કરતી વખતે કાર્ડમૅમ્બરને આ બાબતમાં જાણ કરવામાં આવે છે. લાગુ થવાપાત્ર મુજબની ઉપરોક્ત ફીઝ કાર્ડ ઍકાઉન્ટને બિલ કરવામાં આવે છે અને એને ચાર્જ કરાયેલ છે એ મહિનાના કાર્ડ સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવે છે.

B. કેઈ ઍડવાન્સ

લાગુ થવાપાત્ર નથી.

C. ચાર્જીસ

(i) સમય-સમય પર લાગુ થવાપાત્ર ચાર્જીસ અને ફીઝ કાર્ડમૅમ્બરને એચડીએફસી બેંકદ્વારા પૂરી પાડવામાં આવેલી વિશિષ્ટ સેવાઓ માટે અથવા પોતાના કાર્ડ ઍકાઉન્ટના સંદર્ભમાં કાર્ડમૅમ્બર દ્વારા આચરવામાં ડિફૉલ્ટ માટે કાર્ડમૅમ્બર દ્વારા ચૂકવવાપાત્ર હોઈ શકે છે.

(ii) એચડીએફસી બેંક ગ્રાહકને સૂચિત કરીને, સમય-સમય પર ચાર્જીસ અથવા ફીઝમાં સુધારો કરવાનો અથવા એને યોગ્ય લાગે એ રીતે નવા ચાર્જીસ અથવા ફીઝને ઈન્ટ્રોડ્યુસ કરવાના પોતાના અધિકારને જાળવી રાખે છે.

2. વ્યાજ-મુક્ત અવધિ

પરચેઝ કાર્ડસ્ : નિર્ધારિત ક્રેડિટ કાર્ડ પર લાગુ થવાપાત્ર સ્કીમ (કૃપયા ચાર્જીસની સારણી વાંચો) અને મર્ચન્ટ દ્વારા દાવાઓને જમા કરાવવાને આધિન રહીને વ્યાજ-મુક્ત ક્રેડિટ અવધિ 15થી 50 દિવસની હોઈ શકે છે. આમ છતાં, જો પાછલાં સ્ટેટમેન્ટની બૅલેન્સને સંપૂર્ણપણે ક્લિયર ના કરી હોય તો આ લાગુ થવાપાત્ર નથી.

દાખલા તરીકે, એચડીએફસી બેંક ખરીદી કાર્ડ 45 દિવસ સુધીની વ્યાજ-મુક્ત ક્રેડિટ અવધિ ધરાવે છે. અર્થાત્ જેની બિલિંગની તારીખ દરેક મહિનાની 5થી તારીખ હોય તો એ પોતાના કાર્ડ પર 6મી એપ્રિલથી 5થી મે સુધી ખર્ચ કરી શકે છે. એનું બિલ 5થી મેના રોજ બનશે અને એની પેમેન્ટની ડ્યૂ થતી તારીખ હશે 20મી મે. આમ, 11મી એપ્રિલે કરવામાં આવેલી ખરીદી 40 દિવસોની મફત ક્રેડિટ અવધિ ધરાવશે, જ્યારે 2જી મે ના રોજ કરેલી ખરીદી 19 દિવસની ક્રેડિટ મુક્ત અવધિ ધરાવશે. આ અવધિ તો જ વ્યાજ-મુક્ત હશે, જો પાછલાં બધા જ ડ્યૂ સંપૂર્ણપણે ચૂકવી દીધા હશે.

યુટિલિટી કાર્ડ્સ માટે વ્યાજ-મુક્ત ક્રેડિટની મુદત, મર્ચન્ટ દ્વારા દાવાઓને જમા કરાવવાને આધિન રહીને 10થી 40 દિવસો સુધી હોઈ શકે છે. આમ છતાં, જો પાછલાં સ્ટેટમેન્ટની બૅલેન્સને સંપૂર્ણપણે ક્લિયર ના કરી હોય તો આ લાગુ થવાપાત્ર નથી.

3. સીમાઓ

એચડીએફસી બૅન્ક પોતાની મુનસફીથી કૉર્પોરેટ્સ/કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમાને નક્કી કરશે. આ સીમાઓને કાર્ડની ડીલિવરી આપતી વખતે અને માસિક સ્ટેટમેન્ટમાં કાર્ડમૅમ્બરને જણાવવામાં આવશે. સ્ટેટમેન્ટ બનાવવાના સમયે ઉપલબ્ધ ક્રેડિટ સીમાને માસિક સ્ટેટમેન્ટના એક ભાગ રૂપે આપવામાં આવે છે. કૉર્પોરેટ્સ પોતાની ક્રેડિટની સીમાને વધારવા માગતાં હોય એ બૅન્કને આ બાબતમાં લેખિતમાં જાણ કરીને અને પોતાના આર્થિક દસ્તાવેજો આપીને આમ કરી શકે છે. બૅન્ક પોતાની મુનસફીથી અને આપવામાં આવેલા નવા દસ્તાવેજોને આધારે કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમામાં વધારો કરી શકે છે.

4. ફાઈનાન્સ ચાર્જીસ

A. જો કાર્ડમૅમ્બર પોતાનું બૅલેન્સ પૂરેપૂરું ના ચૂકવવાનું પસંદ કરે તો એવા કિસ્સામાં ટ્રાન્ઝેક્શનની તારીખથી માસિક ટકા દરે (કૃપયા ચાર્જીસની સારણી વાંચો) ફાઈનાન્સ

ચાર્જીસ ચૂકવવાપાત્ર છે. કાર્ડ પરની આઉટસ્ટેન્ડીંગ રકમ પૂરેપૂરી ચૂકવાઇ જાય ત્યાં સુધી કાર્ડમૅમ્બરના ઍકાઉન્ટમાંથી ફાઇનાન્સ ચાર્જીસ ડેબિટ કરવામાં આવે છે.

B. પરચેઝ કાર્ડ/યુટિલિટી કાર્ડ પરની ડ્યૂ થયેલી ન્યૂનતમ રકમ ડ્યૂ થયેલી કુલ રકમના 100% છે.

C. જો આવતા સ્ટેટમેન્ટની તારીખ સુધીમાં પૂરેપૂરી ચુકવણી કરવામાં ના આવે તો એવા કિસ્સામાં કૉર્પોરેટ એન્ટીટીને ઇશ્યૂ કરવામાં આવેલા કાર્ડ્સ અને/અથવા યુટિલિટી કાર્ડ્સને બ્લૉક કરાશે.

D. જો પેમેન્ટની ડ્યૂ થતી તારીખ સુધીમાં ડ્યૂ થતી ન્યૂનતમ રકમ ચૂકવી દેવામાં ના આવે તો લેટ પેમેન્ટ ચાર્જીસ લાગુ થવાપાત્ર હશે. લેટ પેમેન્ટ ચાર્જીસને ટાળવા માટે પેમેન્ટની ડ્યૂ થતી તારીખે અથવા પહેલાં ક્લિયર ફંડ્સને એચડીએફસી બેંક કાર્ડ ઍકાઉન્ટમાં ક્રેડિટ થવાની જરૂર છે. નીચે મુજબ લેટ પેમેન્ટ ચાર્જીસ લાગુ થવાપાત્ર છે:

સ્ટેટમેન્ટ બૅલેન્સ	લેટ પેમેન્ટ ચાર્જીસ
₹100/- થી ઓછું	- શૂન્ય
₹100/- થી ₹500	- ₹100/-
₹501/- થી ₹5000/-	- ₹400/-
₹5001/- થી ₹10000/-	- ₹500/-
₹10001/- થી ₹20000/-	- ₹500/- (₹700/- - જાન્યુ. 1, 2018 થી અમલી)
₹20001/- અને વધુ	- ₹700/-

E. ક્રેડિટ સીમાથી વધી કુલ આઉટસ્ટેન્ડીંગ પર ન્યૂનતમ ₹500/- ને આધિન ઓવરલિમિટ રકમની 2.5% દરે ઓવરલિમિટ ચાર્જીસ લાગુ થવાપાત્ર છે.

નીચેનું ઉદાહરણ વિવિધ ચાર્જીસની ગણતરીની પદ્ધતિનો નિર્દેશ કરે છે.

ધારો કે તમે બાકી ચૂકવવાની બધી જ પાછલી રકમ પૂરેપૂરી ચૂકવી દીધી છે અને તમારા કાર્ડ ઍકાઉન્ટમાં કોઇ પણ રકમ આઉટસ્ટેન્ડીંગ નથી. તમારી સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 05 તારીખ છે. નીચે તમારા પર્ચેઝ કાર્ડ ઍકાઉન્ટ પર તમે કરેલાં ટ્રાન્ઝેક્શનોનું લિસ્ટ આપેલું છે.

તારીખ	ટ્રાન્ઝેક્શનની વિગતો	રકમ
02 એપ્રિલ	સામાનની ખરીદી	₹10000/-
05 એપ્રિલ	સ્ટેટમેન્ટની તારીખ	ડ્યૂ થતી કુલ રકમ (ટીએડી)= ₹10000/- (ન્યૂનતમ ડ્યૂ રકમ કુલ રકમના 100% છે.)
20 એપ્રિલ	ચુકવણીની ડ્યૂ થતી તારીખ	-
25 એપ્રિલ	સામાનની ખરીદી	₹20000/-
05 મે	જો ટીએડી (આ કિસ્સામાં ₹10000/-) પ્રાપ્ત કરવામાં ના આવે તો કંપનીને ઇશ્યૂ કરાયેલા બધા જ કાર્ડ્સ બ્લૉક કરાશે.	

તારીખ 5મી મેના સ્ટેટમેન્ટ પર ચૂકવવાપાત્ર કુલ રકમના કોમ્પોનન્ટ્સ તરીકે નિમ્નલિખિત પ્રતિબિંબિત થશે:

ગુતરી કરવામાં આવેલું વ્યાજ = (આઉટસ્ટેન્ડિંગ રકમ x 2.95%* x 12 મહિના x દિવસોની સંખ્યા)/365. લેટ પેમેન્ટ ચાર્જીસ આ મુજબ લાગુ થવાપાત્ર હશે, ₹5000/- સુધીના સ્ટેટમેન્ટ બૅલેન્સ માટે ₹400/-, ₹5001/- અને ₹20000/- વચ્ચેના સ્ટેટમેન્ટ બૅલેન્સ માટે ₹500/-, ₹20000/- થી વધુના સ્ટેટમેન્ટ બૅલેન્સ માટે ₹700/-

(1) 6 એપ્રિલથી 5 મે (અર્થાત્ 30 દિવસ માટે) પ્રતિ માસ 2.95% લેખે ₹10000/- પર વ્યાજ = ₹290.96/-

(2) 25 એપ્રિલથી 5 મે (અર્થાત્ 11 દિવસ માટે) પ્રતિ માસ 2.95% લેખે ₹20000/- પર વ્યાજ = ₹213.37/-

કુલ વ્યાજ = ₹290.96/- + ₹213.37/- = ₹504.33/-

(3) લેટ પેમેન્ટ ચાર્જીસ = ₹600/-

(4) વ્યાજ અને લેટ પેમેન્ટ ચાર્જીસ પર સર્વિસ ટૅક્સ 14%, સ્વચ્છ ભારત સેસ 0.5% અને કૃષિ કલ્યાણ સેસ 0.5% = ₹165.65/-

(5) કુલ આઉટસ્ટૅન્ડિંગ મુદ્દલ રકમ=₹20000/- (તાજી ખરીદી) + ₹10000/- (પાછલા સ્ટેટમેન્ટનું આઉટસ્ટૅન્ડિંગ બૅલેન્સ)= ₹ 30000/- આમ ડ્યૂ થતી કુલ રકમ = (1) + (2) + (3) + (4)+ (5) =₹31269.98/-

કૃપયા નોંધ લેશોઃ

ફાઇનાન્સ ચાર્જીસ અને અન્ય ચાર્જીસ એચડીએફસી બૅંકની મુનસફીથી પરિવર્તનને આધિન છે.

જો કાર્ડમૅમ્બર ઍકાઉન્ટ્સની ક્રેડિટ સીમાને વટાવી જાય તો ઍકાઉન્ટ પર ઓવરલિમિટ ચાર્જીસ લેવામાં આવશે. કોઇ ખાસ ચીજો માટે જે ચાર્જીસ લેવામાં આવશે એની યાદી માટે કૃપયા આ દસ્તાવેજના અંતમાં આપેલી ચાર્જીસની સારણી વાંચો.

5. બિલિંગ અને સ્ટેટમેન્ટ

A. એચડીએફસી બૅંક કાર્ડમૅમ્બર/કૉર્પોરેટને સમયાંતરે પાછલા સ્ટેટમેન્ટથી પેમેન્ટને જમા કરતું અને ટ્રાન્ઝેક્શનોને ઉધારતું માસિક સ્ટેટમેન્ટ મોકલશે. બૅન્ક સમયાંતરે કાર્ડ ઍકાઉન્ટમાંનું ટ્રાન્ઝેક્શનોનું એક સ્ટેટમેન્ટ બૅંકના રેકૉર્ડ પર નોંધાયેલા ટપાલના સરનામે/ઈ-મેલના સરનામે મેઇલ/ઇમેઇલ કરશે. જો આઉટસ્ટૅન્ડીંગ બૅલેન્સ ₹ 200/-થી ઓછું હોય અને પાછલા સ્ટેટમેન્ટથી કોઈ વધુ ટ્રાન્ઝેક્શન મુલતવી ના હોય તો સ્ટેટમેન્ટ ઇશ્યૂ કરવામાં નહીં આવે.

B. પરચેઝ કાર્ડ્સ : પેમેન્ટની ડ્યૂ થતી તારીખ છે સ્ટેટમેન્ટની તારીખ પછીના 15 દિવસ. દા. ત. જો સ્ટેટમેન્ટ મહિનાની 5મી જનરેટ થયું હશે તો પેમેન્ટ ડ્યૂ થવાની તારીખ હશે મહિનાની 20મી તારીખ.

યુટિલિટી કાર્ડ્સ : પેમેન્ટની ડ્યૂ થતી તારીખ છે સ્ટેટમેન્ટની તારીખ પછીના 10 દિવસ. દા. ત. સ્ટેટમેન્ટ જો મહિનાની 20 તારીખે જનરેટ થયું હોય તો પેમેન્ટ ડ્યૂ થવાની તારીખ હશે મહિનાની 30મી તારીખ. કૃપયા નોંધ લેશોઃ યુટિલિટી કાર્ડ્સનું સ્ટેટમેન્ટ પ્રત્યેક 20 દિવસે જનરેટ થયા હશે અને પેમેન્ટની 10 દિવસની ડ્યૂ તારીખ ધરાવે છે.

C. કાર્ડમૅમ્બર્સ/કૉર્પોરેટ્સને સલાહ આપવામાં આવે છે કે પેમેન્ટ ડ્યૂ થયાની તારીખ પહેલાં અગાઉથી જ લોકલ ચેક્સ ડ્રૉપ કરી દે જેથી પેમેન્ટ ડ્યૂ થયાની તારીખની અંદર કાર્ડ ઍકાઉન્ટમાં પેમેન્ટ પ્રતિબિંબિત થાય.

કૃપયા નોંધ લેશોઃ જો નેક્સ્ટ સ્ટેટમેન્ટની તારીખ સુધીમાં પાછલા સ્ટેટમેન્ટની પૂરેપૂરી ચુકવણી ના કરવામાં આવી હોય તો કૉર્પોરેટ ઍન્ટીટીને ઇશ્યૂ કરાયેલા પરચેઝ/યુટિલિટી કાર્ડ્સને બ્લૉક કરી દેવાશે.

D. કાર્ડ આઉટસ્ટૅન્ડીંગ પેમેન્ટ કરાયેલાં પેમેન્ટ્સને ત્યાર પછીના સ્ટેટમેન્ટોમાં પુષ્ટિ અપાશે.

E. કાર્ડમૅમ્બરના કાર્ડ આઉટસ્ટૅન્ડીંગ સામે મળેલાં પેમેન્ટ્સને બધા કરવેરાઓ, ફીઝ અને અન્ય ચાર્જીસ, વ્યાજ ચાર્જીસ, અને એ ક્રમમાંની ખરીદીઓ સામે ઍડજસ્ટ કરાશે.

F. કાર્ડ ઍકાઉન્ટ તરફ પેમેન્ટ્સને નીચેમાંની કોઇ પણ રીતે કરી શકાશે :

(i) એચડીએફસી બૅંકની શાખાઓ અને એટીએમ્સમાં મૂકેલાં કોઇ પણ એચડીએફસી બૅંક ક્રેડિટ કાર્ડ ડ્રૉપ બૉક્સીસમાં પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ (ચેક અથવા ડ્રાફ્ટ) ડ્રૉપ કરીને. ચેક/ડ્રાફ્ટ એચડીએફસી બૅંક કાર્ડ નંબર XXXX XXXX XXXX XXXXને ચૂકવવાપાત્ર હોવો જોઇએ.

(ii) જો કાર્ડમૅમ્બર એચડીએફસી બૅંક ઍકાઉન્ટ ધરાવતો હોય તો એ સ્ટૅન્ડીંગ ઇન્સ્ટ્રક્શનની સુવિધા મેળવી શકે છે, જેમાં ફંડ્સ ડ્યૂ થતી તારીખે એચડીએફસી બૅંક ઍકાઉન્ટમાંથી આપમેળે કાર્ડમૅમ્બરના કાર્ડ ઍકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ જશે.

(iii) જો કાર્ડમૅમ્બર એચડીએફસી બૅંક ઍકાઉન્ટ ધરાવતો હોય તો એ નેટબૅન્કિંગ, એટીએમ્સ અથવા ફોનબૅન્કિંગ દ્વારા પેમેન્ટ કરી શકે છે.

(iv) બૅંકની શાખાઓમાં રોકડ ચુકવણી મારફતે.

G. બિલિંગ બાબતમાં વિવાદઃ જો કાર્ડમૅમ્બર લેખિતમાં સ્ટેટમેન્ટની તારીખથી 60 દિવસોની અંદર કોઇ ભૂલચૂક બાબતમાં એચડીએફસી બેંકને જાણ નહીં કરે તો સ્ટેટમેન્ટમાંની બધી જ વિગતો ખરી છે અને સ્વીકાર્ય છે એમ માની લેવાશે. આવી સૂચનાની પ્રાપ્તિ પર એચડીએફસી બેંક અસ્થાઇ ધોરણે ચાર્જને રિવર્સ કરી શકે છે અને ઇન્વેસ્ટીગેશનને મુલતવી રાખી શકે છે. ત્યાર પછીના ઇન્વેસ્ટીગેશનોની સમાપ્તિ પર, જો આવા ચાર્જીસનું દાયિત્વ કાર્ડમૅમ્બરના ઍકાઉન્ટ પર આવે તો ચાર્જને ત્યાર પછીના સ્ટેટમેન્ટમાં સંકળાયેલા રિટ્રાઇવલ રિક્વેસ્ટ્સ ચાર્જીસની સાથે પુનઃ લગાડવામાં આવશે.

H. સંપર્ક કરવાની વિગતોઃ કાર્ડમૅમ્બર કોઇ પણ પૂછપરછ કરવા માટે અથવા કોઇ તકરારના નિવારણ માટે એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ્સનો નીચે જણાવ્યા મારફતે સંપર્ક કરી શકે છેઃ

- 24 કલાક કસ્ટમર સર્વિસ કૉલ સેન્ટર - ફોન નંબરોનું વિગતવાર લિસ્ટ આ દસ્તાવેજના અંતે અને માસિક સ્ટેટમેન્ટોની પાછળની તરફ આપેલું છે.
- ઇમેલ દ્વારા corporateassist@hdfcbank.com
- મેઇલ મારફતે-મૅનેજર, એચડીએફસી બેંક કાર્ડ્સ ડિવિઝન, પૉ.ઑ. બૉક્સ 8654, તિરુવનમિયુર, પૉ.ઑ. ચેન્નઇ - 600041.

6. ડિફૉલ્ટ

ડીફૉલ્ટ થવાના કિસ્સામાં કાર્ડધારક / કૉર્પોરેટને સમય-સમય પર કાર્ડ ઍકાઉન્ટ પરની આઉટસ્ટૅન્ડીંગ રકમના સેટલમેન્ટ માટે પોસ્ટ, ફૅક્સ, ટેલિફોન, ઇ-મેલ, એસએમએસ, મૅસેજિંગ અને/અથવા યાદ અપાવવા, ફોલો અપ અને ડ્યૂ કલેક્ટ કરવા માટે થર્ડ પાર્ટીને રોકીને રિમાઇન્ડર્સ મોકલાશે. આવી નિયુક્ત કરેલી કોઇ પણ થર્ડ પાર્ટી ઉધારીની વસૂલી પરના કોડ ઑફ કંડક્ટનું સંપૂર્ણપણે પાલન કરશે.

7. લીઅનનો અધિકાર

જો નિર્ધારિત સમયની અંદર, બેંક દ્વારા માગણી કરવા પર કાર્ડ ઍકાઉન્ટ પરની બૅલેન્સ રકમને રિપેઇડ કરવામાં ના આવે તો બેંકગમે એ સમયે અને કોઇ પણ સૂચના આપ્યા વગર, કોઇ પણ ઍકાઉન્ટમાં/બેંકની કસ્ટડીમાંના કાર્પોરેટ સ્ટૅન્ડિંગના એમના નામે રહેલી ક્રેડિટ રકમમાંથી બધાં જ નાણાંને સેટ-ઑફ કરવાનો લીઅન અને અધિકાર ધરાવશે.

8. કાર્ડ મૅમ્બરશિપનું ટર્મિનેશન/રિવોકેશન

A. કૉર્પોરેટનો અધિકૃત હસ્તાક્ષરકર્તા એચડીએફસી બેંકને નિમ્ન સરનામા "મૅનેજર, એચડીએફસી બેંકકાર્ડ્સ ડિવિઝન, પૉ. ઑ. બૉક્સ 8654, તિરુવનમિયુર પો. ઑ., ચેન્નઇ - 600 041 પર લખીને અને સાથે કાર્ડને ત્રાસો કાપીને એના ટૂકડા મોકલી આપીને ચાહે ત્યારે કાર્ડની મૅમ્બરશિપ રદ કરી શકે છે. કાપેલા કાર્ડોની પ્રાપ્તિ પછી અને કાર્ડ ઍકાઉન્ટમાંની બધી જ આઉટસ્ટૅન્ડીંગ રકમનોની ચુકવણી કર્યા પછી જ કાર્ડોને રદ કરાશે.

B. બિઝનેસ અને સુરક્ષાના કારણોસર જો બેંકને વાજબીપણે એવું લાગે કે એ જરૂરી છે તો બૅન્ક વધુ કોઇ પણ સૂચના આપ્યા વિના ક્રેડિટ કાર્ડના ઉપયોગને નિષેધિત, રદ અથવા સસ્પેન્ડ કરી શકે છે. જો કૉર્પોરેટ ડ્યૂ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ નીવડે અથવા એની ક્રેડિટની સીમાને પાર કરી જાય તો એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ પરની સુવિધાને રદ કરી શકે છે. કરાર પૂરો થઇ ગયા પછી અથવા કાર્ડ ઍકાઉન્ટ રદ થઇ ગયા પછી કાર્ડનો ઉપયોગ ના કરવો જોઇએ.

C. આવી પરિસ્થિતિમાં, કૉર્પોરેટ (કોઇ ડિફૉલ્ટ અથવા કાયદા દ્વારા આવશ્યક કોઇ અન્ય નોટિસને આધિન) તરત જ એચડીએફસી બેંકને કાર્ડ ઍકાઉન્ટ પરના કુલ આઉટસ્ટૅન્ડીંગ બૅલેન્સને ચૂકવી દેવી જોઇએ. આમાં સામેલ છે બધાં જ ટ્રાન્ઝેક્શનો અને ઍકાઉન્ટને હજી ચાર્જ નહીં કરવામાં આવેલી અન્ય રકમો સહિત કરાર હેઠળ એચડીએફસી બેંકને ચૂકવવાની રકમો. જ્યાં સુધી કૉર્પોરેટ આવી ચૂકવવાની નીકળતી બધી જ રકમને ચૂકવી ના દે ત્યાં સુધી કાર્ડને બંધ થયેલો ગણવામાં નહીં આવે.

D. ક્રેડિટ કાર્ડ પરના કોઇ છેતરપિંડીભર્યા ટ્રાન્ઝેક્શનોના પ્રસંગે ઊભી થતી જવાબદારીને આવરી લેવા માટે કાર્ડ મૅમ્બરોની મુનસફીથી એમને વૈકલ્પિક વીમો ઉત્પાદન ઉપલબ્ધ થઇ

શકે છે. આવી વીમા સુરક્ષાના નિયમો અને શરતોની વધુ જાણકારી માટે કૃપયા અમારી બેંકના પ્રતિનિધિનો સંપર્ક કરો.

9. કાર્ડ ગુમાઇ જવો/ચોરાઇ જવો/દુરુપયોગ થવો

A. જો ક્રેડિટ કાર્ડ ક્યાંક મૂકાઇ જાય, ખોવાઇ જાય, ચોરાઇ જાય, ખરાબ થઇ જાય, જ્યારે ડ્યૂ થાય ત્યારે ના મળે અથવા એને એવો વહેમ હોય કે કાર્ડમૅમ્બર/કૉર્પોરેટ વપરાશકર્તાની પરવાનગી વગર ક્રેડિટ કાર્ડનો ઉપયોગ થઇ રહ્યો છે તો કાર્ડમૅમ્બરે/કૉર્પોરેટે તરત જ એની સૂચના 24-કલાક કાર્યરત કૉલ સેન્ટરને અચૂકપણે જાણ કરવી. જો એકવાર કાર્ડ ગુમ થયો છે એવી ફરિયાદ કરવામાં આવે ત્યાર પછી જો એ મળી જાય તો પણ કાર્ડમૅમ્બરે/કૉર્પોરેટે કોઇ પણ સંજોગોમાં એનો ઉપયોગ ના કરવો જોઇએ.

B. કાર્ડ ગુમાવાની ફરિયાદ કરતાં પહેલાં કાર્ડ ઍકાઉન્ટ પર કરવામાં આવેલા કોઇ પણ ટ્રાન્ઝેક્શન માટે બેંક જવાબદાર અથવા ઉત્તરદાયી નથી અને એના માટે કાર્ડધારક/કૉર્પોરેટ જ સંપૂર્ણપણે જવાબદાર ગણાશે. બેંક દ્વારા લૉસની યોગ્ય સૂચનાની પ્રાપ્તિ પછી કાર્ડમૅમ્બર/કૉર્પોરેટની ત્યાર પછીની જવાબદારી શૂન્ય છે. કાર્ડ ગુમાયાની અથવા ચોરાયાની એચડીએફસી બેંકને ફરિયાદ કર્યા પછી વધારામાં કાર્ડધારકે / કૉર્પોરેટે અવશ્ય કાર્ડ્સની કોઇ ગુમાયાની અથવા ચોરાયાની ફરિયાદ પોલિસને કરવી જોઇએ અને એફઆઇઆર નોંધાવી જોઇએ.

C. કાર્ડમૅમ્બર/કૉર્પોરેટની સંમતિથી જો કોઇ વ્યક્તિ પિન મેળવીને કાર્ડનો દુરુપયોગ કરે તો એને કારણે થનારા નુકસાન બદલ કાર્ડમૅમ્બર/કૉર્પોરેટ જવાબદાર ગણાશે.

D. જો કાર્ડમૅમ્બર/કૉર્પોરેટ છેતરપિંડીભરી રીતે વર્તે તો બધા જ થનારા નુકસાનો માટે કાર્ડમૅમ્બર/કૉર્પોરેટ જવાબદાર ગણાશે.

E. કાર્ડમૅમ્બર/કૉર્પોરેટને જણાવ્યા વગર એચડીએફસી બેંક પોલિસ અથવા કોઇ અન્ય સત્તાવાળાઓને કોઇ જાણકારી કે જેને એચડીએફસી બેંક નુકસાન, ચોરી, કાર્ડ કે પિનના દુરુપયોગ બાબતમાં જરૂરી સમજે એ આપી શકે છે.

10. તકરાર નિવારણ કક્ષ

એવું જવલ્લે જ બને કે બેંકના વર્તમાના સંપર્કોના કોઇના પ્રતિસાદથી તમને સંતોષ ના થાય તો તમે અહીં લખી શકો છો - ધ મૅનેજર, એચડીએફસી બેંક કાર્ડ્સ ડિવિઝન, પો. ઑ. બૉક્સ 8654, તિરુવનમિયુર પો. ઑ., ચેન્નઇ - 600 041; ફોનઃ 044-23744704 સોમવારથી શુક્રવારની વચ્ચે સવારે 09.30થી સાંજે 05.30ની વચ્ચે.

11. ડિસ્ક્લોઝર

કૉર્પોરેટ સ્વીકારે છે કે મોજૂદ બિઝનેસ પ્રેક્ટિસીસ અનુસાર, બેંક ગ્રાહકને કોઇ પણ સૂચના આપ્યા વિના, બેંક કોઇ પણ ક્રેડિટ બ્યૂરો (મોજૂદ અથવા ભવિષ્યનો),ને સમય-સમય પર ક્રેડિટ કાર્ડ(ડો) સંબંધિત જાણકારીને છતી કરવાની સત્તા ધરાવે છે. ધ ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યૂરો ઇંડિયા લિ. (સિબિલ) એ ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બૅન્કની આર્થિક સિસ્ટમના સંચાલન અને સ્થિરતાને સુધારવા માટેપી એક પહેલ છે. આ પહેલમાં ભાગ લેનારી બધી બેંકો અને નાણાકીય સંસ્થાઓએ સિબિલ સાથે ગ્રાહકના ડૅટાને શેર કરવાની જરૂર પડે છે. આને નજરમાં રાખીને અમે કાર્ડમૅમ્બરોને જણાવવા માગીએ છીએ કે બૅન્ક ગ્રાહક દ્વારા ડિફૉલ્ટ થયેલા ક્રેડિટ કાર્ડ(ડો) સંબંધિત જાણકારી સિબિલને અને કોઇ અન્ય ક્રેડિટ બ્યૂરો (મોજૂદ અથવા ભવિષ્યના)ને, જો કાર્ડ ઓવરડ્યૂ થઇ જાય તો 15 દિવસની નોટિસની સાથે આપવાની સત્તા ધરાવે છે. બૅન્કને યોગ્ય લાગે એ મુજબ, જો કૉર્પોરેટમાંથી સમગ્ર આઉટસ્ટૅન્ડિંગ રકમ રિઅલાઇઝ થઇ જાય તો જ કોઇ પણ ડિફૉલ્ટરના લિસ્ટમાંથી કૉર્પોરેટ નામને પાછું ખેંચી લેવાશે. કૉર્પોરેટ બેંકને પૂરેપૂરી અને અંતિમ રકમ ચૂકવી દે એના 60 દિવસની અંદર આ વિડ્રોવલને અમલી બનાવાશે. અમે કૉર્પોરેટને એ પણ જાણ કરવા માગીએ છીએ કે બૅન્ક પોતાની મુનસફીથી, બેંકને યોગ્ય લાગે તો, તકરાર સંબંધિત વાતચીતો અથવા પેમેન્ટ્સ-રિકવરી સંબંધિત વાતચીતો અથવા અન્ય કોઇ વાતચીતના કિસ્સામાં કૉર્પોરેટ અને બૅન્કના પ્રતિનિધિની વચ્ચેની કોઇ ખાસ વાતચીતોને રેકૉર્ડ કરી શકે છે.

ચાર્જનું શિડ્યુલ (આવૃત્તિ 1.3)

ચાર્જીસનું વર્ણન	કમર્શિયલ કાર્ડ	
વ્યાજ-મુક્ત ક્રેડિટ પીરિયડ	પરચેઝ કાર્ડ્સ માટે 50 દિવસ સુધી અને યુટિલિટી કાર્ડ માટે 40 દિવસ સુધી	
યુટિલિટી કાર્ડ્સ પર પેમેન્ટ ચાર્જીસ	વીજળીની ચુકવણી પર ચુકવણીના મૂલ્યના 0.7%	
	બધી અન્ય પેમેન્ટ કેટેગરીઓ માટે શૂન્ય ચાર્જીસ	
ન્યૂનતમ રિપેમેન્ટ રકમ	પાછલા સ્ટેટમેન્ટના બૅલેન્સના 100%	
જૉઇનિંગ ફીઝ	શૂન્ય	
નૉન -પેમેન્ટ પર ચાર્જીસ	સેન્ટ્રલ ટ્રાવેલ ઍકાઉન્ટ્સ (સીટીએ) માટે - ટ્રાન્ઝેક્શનની તારીખથી 1.50% પ્રતિ માસ.* પરચેઝ કાર્ડ અને યુટિલિટી કાર્ડ્સ માટે - ટ્રાન્ઝેક્શનની તારીખથી 2.95% પ્રતિ માસ.* *પરિવર્તનને આધિન	
લેટ પેમેન્ટ ચાર્જીસ	**સ્ટેટમેન્ટ બૅલેન્સ**	**લેટ પેમેન્ટ ચાર્જીસ**
	₹100/- થી ઓછા	શૂન્ય,
	₹100/- થી ₹ 500/-	₹100/-,
	₹501/- થી ₹5000/-	₹400/-,
	₹5001/- થી ₹10000/-	₹500/-,
	₹10001/- થી ₹20000/-	₹500/-(₹700/- જાન્યુ. 1, 2016થી અમલી),
	₹20001/- અને વધુ	₹ 700/-
	સેન્ટ્રલ ટ્રાવેલ ઍકાઉન્ટ્સ (સીટીએ) માટે શૂન્ય	
કેઇ પ્રોસેસિંગ ફી	1 ઑગસ્ટ 2012થી અમલમાં આવે એ રીતે પરચેઝ, યુટિલિટી અને ડીલર કાર્ડ તરફ કરેલી બધી જ રોકડ ચુકવણીઓના ડ્યૂઝને રકમના 1%ની અતિરિક્ત ફી ચાર્જ કરવામાં આવે છે.	
ફ્યૂઅલ ટ્રાન્ઝેક્શન ચાર્જીસ	પ્રત્યેક ટ્રાન્ઝેક્શન પર 1% સરચાર્જ લેવામાં આવે છે. સર્વિસ ટૅક્સ અને સેસ લાગુ થવાપાત્ર મુજબ	
ગુમાયેલા, ચોરાયેલા અથવા નુકસાન પામેલા કાર્ડને ફરી ઇશ્યૂ કરવો	₹ 100/-	
પેમેન્ટ રિટર્ન ફી	ન્યૂનતમ ₹450/- ને આધિન રહીને ચુકવણીની રકમના 2%	
આઉટસ્ટેશન ચેક પ્રોસેસિંગ ચાર્જીસ	₹ 50/- પ્રતિ ઇન્સ્ટ્રુમેન્ટ	
રિટ્રાઇવલ ફી (ચાર્જ સ્લિપ)	₹125/- પ્રતિ ચાર્જ સ્લિપ	
ફૉરિન કરન્સી ટ્રાન્ઝેક્શન્સ	3.5%નો ક્રૉસ કરન્સી માર્ક-અપ બૅન્ક ચાર્જ કરે છે	
સર્વિસ ટૅક્સ, સ્વચ્છ ભારત સેસ અને કૃષિ કલ્યાણ સેસ	લાગુ થવાપાત્ર મુજબ	
રેલવે ટિકિટ પરચેઝ ફી (યુટિલિટી કાર્ડ, ડીલર કાર્ડ, નૉન ટ્રાવેલ કસ્ટમાઇઝ્ડ સૉલ્યુશન અને એવિએશન માટે વિકલ્પ ઉપલબ્ધ નથી)	₹ 30/- + ટ્રાન્ઝેક્શનની રકમના 2.5%	

જો તમે અમારાં ઉત્પાદનો અને સેવાઓ સંબંધિત કૉલ મેળવવા માગતાં ના હો તો અમારી વેબસાઇટ www.hdfcbank.com પર લૉગ ઑન કરો અને અમારા ડોન્ટ કૉલ રજિસ્ટ્રેશન ઑપ્શનમાં તમારું નામ નોંધાવો.

24-કલાક કસ્ટમર કૉલ સેન્ટરો

અમદાવાદ/બૅન્ગલોર/ચેન્નઈ/દિલ્હી અને એનસીઆર/હૈદરાબાદ/કોલકાતા/મુંબઈ/પૂણે - 6160 6161

ચંડિગઢ/કોચી/ઇંદોર/જયપુર/લખનઉ - 6160 616

આંધ્રપ્રદેશ	: 98484 83333	મધ્ય પ્રદેશ/ છત્તીસગઢ	: 98936 03333	રાજસ્થાન	: 98750 03333	બિહાર/ઝારખંડ/પટના	: 1860 266 6161
આસામ	: 99571 83333	મહારાષ્ટ્ર (મુંબઈ સિવાય) અને ગોવા	: 98906 03333	તામિલનાડુ/પૉંડિચેરી	: 98406 73333	જમ્મુ અને કાશ્મીર/ હિમાચલ પ્રદેશ (બીએસએનએલ લૅન્ડલાઇન પરથી ટોલ-ફ્રી)	: 1800 180 4333
ગુજરાત	: 98982 71111	ઓડિસા	: 99379 03333	ઉત્તર પ્રદેશ/ ઉત્તરાખંડ	: 98369 03333	મેઘાલય/ત્રિપુરા/ નાગાલૅન્ડ/મિઝોરમ/અરુણાચલ પ્રદેશ/મણીપુર (બીએસએનએલ લૅન્ડલાઇન પરથી ટોલ-ફ્રી)	: 1800 103 9733
હરિયાણા	: 99962 43333	પંજાબ	: 98153 31111	પશ્ચિમ બંગાળ/સિક્કીમ/ આંદામાન અને નિકોબાર	: 98310 73333		
કર્ણાટક	: 98458 33333						
કેરળ	: 98466 83333						

નિમ્ન સ્થળો માટે ટોલ ફ્રી નં.: 1800 425 4332

આગ્રા/અજમેર/અલ્હાબાદ/બરેલી/ભુવનેશ્વર/બોકારો/કટક/ધનબાદ/દહેરાદુન/ઇરોડ/ગુવાહાટી/હિસ્સાર/જમ્મુ અને શ્રીનગર/જમશેદપુર/ઝાંસી/જોધપુર/કર્નાલ/કાનપુર/મદુરાઇ/મૅન્ગલોર/મથુરા/મેરઠ/મોરાદાબાદ/મુઝફ્ફરપુર/મૈસુર/પાલી/પટિયાલા/રાજકોટ/રાંચી/રાઉરકેલા/સેલમ/શિમલા/સિલીગુરી/સિલવાસા/સુરત/ત્રિચી/ઉદયપુર/વારાણસી/વાસ્કો

જો તમે અમારાં ઉત્પાદનો અને સેવાઓ માટે તમને કૉલ ના આવે એવું ચાહતાં હો તો કૃપયા અમારી વેબસાઇટ www.hdfcbank.com પર લૉગ ઑન કરો અને અમારા ડૉન્ટ કૉલ રજિસ્ટ્રેશન ઑપ્શન પર સ્વયંની નોંધણી કરાવો. છેલ્લામાં છેલ્લા જનરેટ કરવામાં આવેલા સ્ટેટમેન્ટમાં લેટ પેમેન્ટ ચાર્જીસ સાથે કાર્ડ ઍકાઉન્ટની વસૂલી કેશ પ્રોસેસીંગ ફીમાંથી બાકાત કરો.

HDFC BANK
We understand your world